| PUBLICATION NAME : | Sandesh (City Life) |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 09/11/23 |
| PAGE : | 1 |

# EDII છ દિવસના મેન્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ઉત્તરાખંડના પ્રોફેસરોને તાલીમ આપશે

## છ દિવસીય ટ્રેનિંગ પ્રોગ્રામ બાદ ઉત્તરાખંડમાં વિવિધ સંસ્થાઓમાં બે દિવસીય બૂટ કેમ્પનું પણ આયોજન કરાશે

**સિટી લાઇફ** । આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ અને સ્ટાર્ટઅપ સર્જનને પ્રોત્સાહિત કરવા માટે વિદ્યાર્થીઓને મેન્ટર કરવા હેતુથી ઉત્તરાખંડની ૨૨ યુનિવર્સિટી અને કોલેજના પ્રોફેસરોને તાલીમ આપશે. આ ટ્રેનિંગ પ્રોગ્રામ ઉત્તરાખંડ સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા પ્રાયોજિત દેવભૂમિ આંત્રપ્રિન્યોરશિપ સ્કીમ હેઠળ આવે છે. સંસ્થાના કેમ્પસમાં ૫ નવેમ્બરે આ છ દિવસીય કાર્યક્રમ શરૂ થયો. પ્રોગ્રામના ભાગ રૂપે ઈનોવેશન, એન્ટરપ્રાઈઝ સર્જન તથા રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી યોજનાઓ અને તેના લાભો વિશે જ્ઞાનના આદાન-પ્રદાન માટેના સેશન્સ યોજાશે.



### ૯૦ પ્રોફેસરોને ત્રણ જૂથોમાં આંત્રપ્રિન્યોરશિપની તાલીમ અપાશે

દેવભૂમિ આંત્રપ્રિન્યોરશિપ સ્કીમ હેઠળ કુલ ૯૦ પ્રોફેસરોને ત્રણ પાર્ટમાં આંત્રપ્રિન્યોરશિપની તાલીમ આપવામાં આવશે. પહેલા સેશનમાં ઉત્તરાખંડની વિવિધ સરકારી સંસ્થાઓમાંથી ૨૨ ફેકલ્ટી સભ્યો આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે અમદાવાદ પહોંચ્યા છે. આ ઉપરાંત અલ્મોડાના, બાગેશ્વર, ચમોલી, ચંપાવત, દેહરાદૂન, હરિદ્વાર, નૈનીતાલ, પૌરી ગઢવાલે, પિથોરાગઢ, રુદ્રપ્રયાગ, તેહરીગઢવાલ અને ઉત્તરકાશીના ફેકલ્ટી સભ્ય ભાગ લઈ રહ્યા છે. સહભાગીઓની પસંદગી જનરલ એન્ટરપ્રાઇઝિંગ ટેન્ડન્સી ટેસ્ટ (જીઈટીટી) દ્વારા કરવામાં આવી છે.